અપીલ અરજી નં.૧૯૭ તા.૩૦–૯–૦૮

અરજદાર: શ્રી રામસુંદર રામનરેશ સાધુ
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

# હુકમ:–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી રામસુંદર રામનરેશ સાધુની તા. ૧૮–૭–૦૮ અરજી થી તાલુકો ચોર્યાસી મોજે નવાગામ–સર્વે નં.૪૩/૪૪ થી નોંધાયેલ ઉમરવાડા ટી.પી.નં.૮ ફા. પ્લોટ નં.૨૫–૨૮–૨૯ માંથી એડવોકેટ જે.આર.ગાંધીના અસીલો–લાલ બહાદુર ચંદ્રસેનસીંગ અનીલ કુમાર ચંદ્રસેનસીંગ ત્રિવેણી ચંદ્રસ ેનસીંગએ એડવોકેટ જે.આર.ગાંધી મારફત તા.૧૮–૨–૦૬ ના રોજ નોટીસ મોકલેલી સુ.મ.પા.ની એન્ટ્રી નં.ડી./૮૦/૯૬, તા. ૧૭–૨–૦૬ અને તા.૧૦–૨–૦૬ નં.૪૭૬૮ ઈસ્ટઝોનને મળેલી તે નોટીસનો જવાબ સુ.મ.પા.ના એડવોકેટશ્રીએ શું જવાબ આપ્યો. તે નોટીસ અને જવાબની બંનેની દસ્તાવેજી કોપીઓની નકલ આપવા તથા ફરી જવાબનો વળતો જવાબ આપ્યો હોય તો પણ તેની નકલની કોપી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩૦–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૭/૨૦૦૮–૦૯

શ્રી રામસુંદર રામનરેશ સાધુની તા. ૧૮–૭–૦૮ અરજી થી તાલુકો ચોર્યાસી મોજે નવાગામ–સર્વે નં.૪૩/૪૪ થી નોંધાયેલ ઉમરવાડા ટી.પી.નં.૮ ફા.પ્લોટ નં.૨૫–૨૮–૨૯ માંથી એડવોકેટ જે.આર.ગાંધીના અસીલો–લાલ બહાદુર ચંદ્રસેનસીંગ અનીલ કુમાર ચંદ્રસેનસી ગ ત્રિવેણી ચંદ્રસેનસીંગએ એડવોકેટ જે.આર.ગાંધી મારફત તા.૧૮–૨–૦૬ ના રોજ નોટીસ મોકલેલી સુ.મ.પા.ની એન્ટ્રી નં.ડી./૮૦/૯૬, તા. ૧૭–૨–૦૬ અને તા.૧૦–૨–૦૬ નં.૪૭૬૮ ઈસ્ટઝોનને મળેલી તે નોટીસનો જવાબ સુ.મ.પા.ના એડવોકેટશ્રીએ શું જવાબ આપ્યો. તે નોટીસ અને જવાબની બંનેની દસ્તાવેજી કોપીઓની નકલ આપવા તથા ફરી જવાબનો વળતો જવાબ આપ્યો હોય તો પણ તેની નકલની કોપી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૯ તા.૧–૯–૦૮થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૪ તા.૧૦–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧૯ તા.૧૮–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને તા.૧૮–૭–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ અંગે માહિતી માંગવામાં આવેલ માંગ્યા મુજબની માહિતી પૈકી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ અંગે " માંગવામાં આવેલી માહિતી પક્ષકાર અને સુરત મહાનગરપાલિકા વચ્ચે વિવાદી મેટર હોય અને જે અંગે અંતિમ નિર્ણય નિકાલ આવ્યેથી માહિતી આપી શકાશે. જેથી હાલમાં આ અંગે કોઈ માહિતી આપવાની રહેતી નથી તેવી માહિતી આપેલ છે. " આ રીતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલના તબકકે માહિતીનો ઈન્કાર કરેલ છે. જયારે અરજદારે મુદ્દા નં.૧ ની માહિતી મેળવવા અપીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ માહિતીના ઈન્કાર માટે આરટીઆઈ એકટની કલમ–૮ હેઠળનો કોઈ ચોકકસ અપવાદ નિર્દિષ્ટ કરેલ જણાતો નથી કે ત્રાહિતની માહિતી અંગે કલમ–૧૧ હેઠળની કોઈ પ્રક્રિયા અનુસર્યાનું જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેથી તે અંગે અપીલમાં કોઈ તકરાર નથી. મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટની કલમ–૮ (બી) ને અનુલક્ષી નામદાર અદાલત ધ્વારા માહિતી જાહેર કરવામાં કોઈ નિષેધ લાદેલ ન હોય તો કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી યોગ્ય નિર્ણય લઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને યોગ્ય તે હકીકત નિર્ણય સહિત જણાવવા કે માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામસુંદર રામનરેશ સાધુ